RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) दैनिक

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 50 Date: 11.12.2023 Monday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## પીએમ મોદીએ દેશના ધનિકોને ‘વેડ ઈન ઈન્ડિયા’ માટે હાકલ કરી



### દર વર્ષે દેવભૂમિ ઉત્તરાખંડમાં ૫,૦૦૦ લગ્નોનું આયોજન કરવા અપીલ

એજન્સી । દહેરાદૂન

ભારતને આત્મનિર્ભર બનાવવા માટે ‘મેક ઈન ઈન્ડિયા’ અભિયાન શરૂ કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હવે દેશના ધનિકો અને માલેતુજારોને ‘વેડ ઈન ઈન્ડિયા’, એટલે કે વિદેશ જઈ લગ્ન કરવાને બદલે ભારતમાં જ લગ્ન કરવા અપીલ કરી છે. ઉત્તરાખંડ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટના ઉદ્ઘાટન સત્રને સંબોધતા વડાપ્રધાન મોદીએ દેશના શ્રીમંત ઉદ્યોગપતિઓને તેમના પરિવારમાંથી ઓછામાં ઓછાં એક વ્યક્તિના લગ્ન ઉત્તરાખંડમાં યોજવા અપીલ કરી હતી, જેથી દેવભૂમિ તરીકે જાણીતું આ પર્વતીય રાજ્ય વેડિંગ ડેસ્ટિનેશન બની શકે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે, કરોડપતિ અને અબજોપતિ પરિવારોમાં વિદેશમાં જઈ ડેસ્ટિનેશન વેડિંગ કરવાની ફેશન ઘણી પ્રચલિત બની છે. ‘લગ્નો સ્વર્ગમાંથી જ નક્કી થતા હોય છે’ એ કહેવતનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, જો લગ્નો સ્વર્ગમાંથી નક્કી થઈ જતાં હોય તો આજના યુવાનો દેવભૂમિ (ઉત્તરાખંડ)માં આવીને લગ્ન કરવાને બદલે શા માટે વિદેશ જઈ લગ્ન કરે છે. યુવા ધનિક યુગલોને મારું સૂચન છે કે તેઓ ‘મેડ ઈન ઈન્ડિયા’ની જેમ જ ‘વેડ ઈન ઈન્ડિયા’નું અભિયાન ચલાવે. જો પાંચ વર્ષ સુધી લોકો ઉત્તરાખંડમાં લગ્નોનું આયોજન કરશે તો તેને એક આંતરરાષ્ટ્રીય વેડિંગ ડેસ્ટિનેશન તરીકે પ્રસ્થાપિત કરવામાં મદદ મળશે. જો દર વર્ષે અહીં પાંચ હજાર લગ્નોનું પણ આયોજન થશે તો તેના માટેની જરૂરી માળખાકીય સુવિધાઓનો અહીં વિકાસ થશે અને તે એક લોકપ્રિય અને મહત્વનું લગ્ન સ્થળ બનશે. ભારતમાં અસીમ ક્ષમતા રહેલી છે. જો આપણે સામુહિક રીતે નિર્ણય કરી શરૂઆત કરીશું તો કશું જ અશક્ય નથી તેમ તેમણે જણાવ્યું હતું.

## ભાજપે ત્રણ રાજ્યો માટે નિરીક્ષકોની નિમણૂંક કરી



એજન્સી, નવી દિલ્હી

વિધાનસભા ચૂંટણીમાં ત્રણ રાજ્યમાં ધમાકેદાર જીત પછી મુખ્યમંત્રીની પસંદગી માટે ભાજપે નિરીક્ષકોનાં નામની જાહેરાત કરી છે. વિધાનસભા પક્ષના નેતાની ચૂંટણી માટે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર અને આદિવાસી બાબતોના મંત્રી અર્જુન મુંડાને અનુક્રમે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢના નિરીક્ષક બનાવાયા છે.

વિધાનસભા પક્ષ જેને નેતા તરીકે ચૂંટશે તે ત્રણ રાજ્યમાં મુખ્યમંત્રી બનશે. તેના માટે શનિવાર કે રવિવારે મહત્વની બેઠક યોજાશે. રાજસ્થાનમાં બે વખતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેના દાવાને અવગણી પક્ષ નવા નેતાને મુખ્યમંત્રી બનાવશે એવી અટકળો છે ત્યારે રાજનાથ ઉપરાંત અન્ય કેન્દ્રીય નિરીક્ષકો તરીકે સરોજ પાંડે (પક્ષના ઉપપ્રમુખ) અને વિનોદ તાવડે (જનરલ સેક્રેટરી) સાથે જોડાશે. જ્યારે ખટ્ટર મધ્યપ્રદેશની બેઠકમાં ઓબીસી મોરચાના વડા કે લક્ષ્મણ અને સેક્રેટરી આશા લાકરા સાથે જોડાશે. કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલ અને ભાજપના જનરલ સેક્રેટરી દુષ્વંત કુમાર ગૌતમ મુંડા સાથે છત્તીસગઢના કેન્દ્રીય નિરીક્ષકની જવાબદારી સંભાળશે. ભાજપ છત્તીસગઢમાં ઓબીસી કે આદિવાસી નેતાને મુખ્યમંત્રી બનાવવા માંગે છે.

## ઈઝરાયેલની સેનાએ ફરી હવાઈ હુમલા શરુ કર્યા, ૧૪૦૦ વર્ષ જૂની મસ્જિદને નુકસાન, મૃત્યુઆંક ૧૮ હજારની નજીક

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે છેલ્લા બે મહિના કરતા પણ વધુ સમયથી સંઘર્ષ ચાલી રહ્યો છે અને આ હવે ઈઝરાયેલી સૈનિકો શહેરમાં ઘૂસીને કાર્યવાહી કરી રહી છે તેમજ ગાઝામાં ઈઝરાયેલના હવાઈ હુમલા ચાલુ છે જેમાં ગાઝાની સૌથી જૂની મસ્જિદને પણ ખરાબ રીતે નુકસાન થયું છે.

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં કતારની અસરકારક મધ્યસ્થી અને હસ્તક્ષેપ બાદ ૨૪મી નવેમ્બરે થોડા દિવસો માટે બંધ થયું હતું, જો કે ફરી એકવાર ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ શરૂ થઈ ગયું છે અને ઈઝરાયેલ દ્વારા ગાઝામાં હવાઈ અને જમીન પર હુમલાઓ શરુ કરી દીધા છે. આ હુમલામાં ગાઝાની સૌથી જૂની ઓમરી મસ્જિદને પણ નુકસાન થયું છે. ઈઝરાયેલની સેનાએ યુદ્ધવિરામ બાદ દક્ષિણ ગાઝામાં ગ્રાઉન્ડ એક્શન શરુ કર્યું છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં છેલ્લા ૨૪ કલાકમાં જ ૧૩૩ લોકો માર્યા ગયા હતા જેના મૃતદેહો અને ૨૫૯ ઘાયલોને ખાન યુનિસની અલ-નાસર અને નજીકની અલ-અક્સા હોસ્પિટલોમાં લાવવામાં આવ્યા હતા. ગાઝામાં બે મહિના સુધી ચાલેલા યુદ્ધમાં અત્યાર સુધીમાં ૧૭,૭૦૦થી વધુ લોકો માર્યા ગયા છે અને ૫૦ હજારથી વધુ લોકો ઘાયલ થયા છે. માર્યા ગયેલા લોકોમાં સાત હજાર હમાસના લડવૈયા હોવાનો અંદાજો છે.



## માયાવતીનું મોટું એલાન, BSPમાં ભત્રીજા આકાશ આનંદને બનાવ્યો પોતાનો ઉત્તરાધિકારી

બહુજન સમાજ પાર્ટી ના અધ્યક્ષ માયાવતીએ આજે લખનઉંમાં આયોજીત પાર્ટી બેઠકમાં મોટું એલાન કર્યું છે. મ્જીઁની બેઠકમાં માયાવતીએ પોતાના ભત્રીજા આકાશ આનંદને પોતાનો ઉત્તરાધિકારી જાહેર કર્યો. આ બેઠકમાં ભત્રીજા અને નેશનલ કોઑર્ડિનેટર આકાશ આનંદ પણ હાજર રહ્યા. આ સિવાય બેઠકમાં વિધાન મંડળ પક્ષના નેતા ઉમાશંકર સિંહ અને પ્રદેશ અધ્યક્ષ વિશ્વનાથ પાલ પણ નજરે આવ્યા. બેઠકમાં ૨૮ રાજ્યોના પદાધિકારી પણ હાજર રહ્યા. આકાશ આનંદ લંડનમાં માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન કરી ચૂક્યા છે.માયાવતીએ ભત્રીજાને ઉત્તરાધિકારી બનાવતા જ રાજકારણમાં આકાશ આનંદની સંગઠન શક્તિને લઈને વિવાદ છંછેડાઈ તેવી શક્યતાઓ છે. બસપાએ અનુભવી નેતાઓને સાઈડલાઈન કરીને યુવા ચેહરા પર દાવ શા માટે લગાવ્યો? જેને લઈને હજુ સુધી કોઈ રાજકીય પ્રતિક્રિયા આવી નથી. પરંતુ તેની પાછળનો ઉદ્દેશ્ય સ્પષ્ટ નજરે પડે છે કે, માયાવતી આકાશ આનંદને ક્રિકેટની ભાષામાં કહીએ તો ભવિષ્યની રાજનીતિ માટે પ્રેક્ટિસ મેચ આપવા માંગે છે જેનાથી તેના ચૂંટણી દાવ-પેંચ, ટિકિટ વિતરણ, ચૂંટણી પ્રચાર અને અન્ય મુદ્દાઓ પર અનુભવ



મળી શકે.

મહત્વનું છે કે, આગામી લોકસભા ચૂંટણી અને તેની તૈયારીઓને લઈને આકાશ આનંદનું કદ વધવાના સંકેત મળી ચૂક્યા છે. જોકે, આખાશ આનંદ હજુ બસપાના નેશનલ કોઑર્ડિનેટર છે અને માયાવતીના નાના ભાઈ આનંદકુમારના દીકરા છે.

## લગ્નમાંથી પરત ફરી રહેલી કારને ટ્રકે ટક્કર મારતાં દુલ્હા-દુલ્હન સહિત ૫ લોકોનાં મોત




છત્તીસગઢના જાંજગીર-ચાંપા જિલ્લામાં આજે સવારે એક ભયંકર અકસ્માત થયો હતો. લગ્નથી પરફ ફરી રહેલી કારણે એક ટ્રકે ટક્કર મારી હતી, જેમાં દુલ્હા અને દુલ્હન સહિત ૫ લોકોના મોત થયા હતા. કાર રામગઢથી અકલતરા તરફ જઈ રહી હતી. પોલીસ દ્વારા ઘટનાસ્થળે આસપાસના લોકોની મદદથી ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત કારમાંથી ઘાયલોને બહાર કાઢી તરત જ સામુદાયિક આરોગ્ય કેન્દ્ર લઇ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તમામ ૫ લોકોને મૃત જાહેર કર્યા હતા.

વહેલી સવારે ૫:૦૦ વાગ્યાની આસપાસ પકરિયા જંગલમાં ચંડી દેવી મંદિરની પાસે સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલા એક ટ્રકે કારને ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયંકર હતો કે કારના ટુકડા થઇ ગયા હતા. ટ્રક અને કારની ટક્કરનો અવાજ સાંભળીને લોકો અકસ્માત સ્થળ તરફ દોડી આવ્યા હતા અને કારમાં ફસાયેલા ઘાયલ લોકોને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસને જાણ કરવામાં આવી, જેઓ દરેકને સ્થાનિક આરોગ્ય કેન્દ્ર લઈ ગયા. ડોકટરોએ તમામ ઘાયલોને મૃત જાહેર કર્યા હતા. આ પછી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા

## ૨૪ની ચૂંટણીમાં પુતિન ફરી ઉભા રહેશે વ્હાઈટ-હાઉસ મઝાકમાં કહે છે : તે ઘોડ-દોડ ઉત્તેજક બની રહેશે

નેશનલ સિક્યુરિટી કાઉન્સીલના પ્રવક્તા જહોન કીર્વીએ અમેરિકાના ઉડતા કીલ્લા જેવાં વિમાન એરફોર્સ-૧માં તેઓની સાથે રહેવા પત્રકારોએ પુતિનની શુક્રવારની તે જાહેરાત અંગે પૂછ્યું ત્યારે કીર્વીએ કહ્યું : (રશિયામાં યોજાનારી) તે ચૂંટણી હોર્સ રેસ સમાન ઉત્તેજક બની રહેશે. આથી વધુ મારે કશું કહેવાનું નથી.તે સર્વવિદિત છે કે આ સદીના પ્રારંભથી અત્યારે ૭૧ વર્ષની વયે પહોંચેલા પુતિન બબ્બે દાયકાથી અનિરૂદ્ધ સત્તા ભોગવે છે. તેમાં ચાર વખત તેઓ પ્રમુખપદની ચૂંટણીઓ જીત્યા છે. થોડો સમય રશિયાના વડાપ્રધાન



પદે પણ રહ્યા હતા. વળી પ્રમુખ પદે આવ્યા.રશિયા ઉપર તેવા સ્પષ્ટ આક્ષેપો છે કે ત્યાં વિરોધ પક્ષ લગાતાર અસ્તિત્વમાં જ નથી. તેથી ૭૧ વર્ષના પ્રમુખ પુતિન ફરીથી તે પદે ચૂંટાઈ આવશે તે લગભગ નિશ્ચિત છે.બીજી તરફ ૮૧ વર્ષના જો બાયડેન માટે આ વખતની ચૂંટણી સીધાં ચઢાણ જેવી મુશ્કેલ બની રહેવા સંભવ છે. તેઓએ ગત સપ્તાહે જણાવ્યું હતું કે ક્રેમ્લીનના નેતાને યુક્રેનમાં આગળ વધતાં અટકાવવા અનિવાર્ય છે.નિરીક્ષકો તો પણ કહે છે કે જો ૨૦૨૪માં ૭૭ વર્ષના ડોનાલ્ડ ટ્રમ્પ વિજયી થશે તો તેઓ રશિયા અને ચાયના બંનેને ભરી પીવાનું માનસ ધરાવે છે.નિરીક્ષકો તો સ્પષ્ટતઃ માને છે કે ૨૦૨૪ની ભારતની લોકશાહીની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપા) અને તેના નેતા બંને વિજયી થશે જ.

## તંત્રી લેખ......

# નિષ્ફળ થતી વિભાજનકારી રાજનીતિ

બાહ્ય આક્રમણ અને આંતરિક શિથિલતાને કારણે આર્થિક, સામાજિક, શૈક્ષણિક વગેરે વિકૃતિઓને ઢાલ બનાવીને આ દેશમાં સામ્યવાદી અને સમાજવાદી રાજકીય શક્તિ પ્રાપ્ત કરીને સમય સાથે પોતાનો વિસ્તાર કરતા ગયા. ડાબેરી નેતા વર્ગ સંઘર્ષ તો સમાજવાદી વર્ણ/જાતિ સંઘર્ષનો નારો આપીને રાષ્ટ્રીય એક્તા, એકાત્મતા અને સુરક્ષાની ન માત્ર ઉપેક્ષા કરતા રહ્યા, બલ્કે તેના પક્ષધર લોકો/સમૂહોનો ઉપહાસ પણ કરતા રહ્યા. ચૂંટણી ફાયદા માટે તેમણે આતંકવાદ-અલગતાવાદ પર ચૂપકિદી સાધીને તુષ્ટીકરણને ખાતર-પાણી આપવાનું કામ કર્યું. આઝાદ ભારતના પ્રથમ સંસદીય ચૂંટણી સમયે દેશમાં લોકસભાની કુલ ૪૮૯ સીટો હતી. ત્યારે લોકસભા માટે થયેલ ચૂંટણીમાં કમ્યુનિસ્ટ પાર્ટી ચાર રાજ્યોથી ૧૬ સીટો જીતીને નંબર બે તથા સોશ્યલ પાર્ટી આઠ રાજ્યોમાંથી ૧૨ સીટો જીતીને ત્રીજા નંબર પર રહી હતી. વર્તમાનની ભાજપ એ સમયે ભારતીય જનસંઘ રૂપે બે રાજ્યોથી માત્ર ત્રણ સીટો જ જીતી શકી હતી. વર્ષ ૧૯૫૭ના સંસદીય ચૂંટણીમાં લોકસભામાં સીટોની સંખ્યા ૪૯૪ થઈ ગઈ. એ ચૂંટણીમાં કમ્યુનિસ્ટ પાર્ટી નવ રાજ્યોથી ૨૭ સીટો જીતીને નંબર બે તથા પ્રજા સોશ્યલિસ્ટ પાર્ટી આઠ રાજ્યોથી ૧૯ સીટો જીતીને નંબર ત્રણની પોતાની સ્થિતિ જાળવી રાખી. જનસંઘ એ ચૂંટણીમાં બે રાજ્યોમાં ચાર સીટો જ જીતી શકી હતી. ૧૯૬૨માં સામાન્ય ચૂંટણીમાં કમ્યુનિસ્ટ પાર્ટી સાત રાજ્યોમાં ૨૯ સીટો, પ્રજા સોશ્યલિસ્ટ પાર્ટી સાત રાજ્યોમાં ૧૨ સીટો અને સોશ્યલિસ્ટ પાર્ટી છ રાજ્યોમાં છ સીટો તથા જનસંઘ ચાર રાજ્યોમાં ૧૪ સીટો જીતી હતી.

સમાજમાં વિભાજન અને સંઘર્ષની રાજનીતિ કરનારા સોશ્યલિસ્ટ તો પહેલાં જ વિભાજિત થઈ ગયા હતા. વર્ષ ૧૯૬૪માં કમ્યુનિસ્ટ પણ વિભાજિત થઈને સીપીઆઇ અને સીપીએમના નામે અલગ-અલગ ચૂંટણી લડ્યા. ત્યારબાદ ૧૯૬૭માં લોકસભાની કુલ ૫૨૦ સીટો પર થયલે સંસદીય ચૂંટણીમાં ભારતીય જનસંઘને આઠ રાજ્યોમાં ૩૫ સીટો, સીપીઆઇને આઠ રાજ્યોમાં ૨૩ સીટો, સીપીએમને ચાર રાજ્યોમાં ૧૯ સીટો, સંયુક્ત સોશ્યલિસ્ટ પાર્ટીને છ રાજ્યોને ૨૩ સીટો તથા પ્રજા સોશ્યલિસ્ટ પાર્ટીને સાત રાજ્યોથી ૧૩ સીટો પ્રાપ્ત થઈ હતી. એ ચૂંટણીમાં સ્વતંત્ર પાર્ટી બાદ ત્રીજા નંબરની પાર્ટી ભારતીય જનસંઘ બની. ૧૯૬૨માં કમ્યુનિસ્ટ ચીનના ભારત પર આક્રમણ અને ભારતીય જનસંઘની ઉભરતી તાકાતને સમજતાં રામમનોહર લોહિયા અને પંડિત દીનદયાલ ઉપાધ્યાય ન માત્ર સાથે આવ્યા, બલ્કે બિનકોંગ્રેસવાદના નામે અનેક રાજ્યોમાં કોંગ્રેસને સત્તામાંથી હટાવવામાં સફળ પણ થયા. કેટલાય રાજ્યોમાં કમ્યુનિસ્ટ, સોશ્યલિસ્ટ અને ભારતીય જનસંઘની મિશ્ર સરકારો પણ બની, પરંતુ આ પ્રયોગ સફળ ન થઈ શક્યો. દેશવ્યાપી કોઈ બિનકોંગ્રેસી પક્ષના અભાવમાં કોંગ્રેસ નિરંકુશ અને ભ્રષ્ટ થઈ ગઈ. ૧૯૭૪ના બિહાર આંદોલન અને જેપી નેતૃત્વમાં ચાલેલા આંદોલનથી ૧૯૭૭માં કેન્દ્રની સરકારમાં બિનકોંગ્રેસી સરકારનો પ્રયોગ પણ નિષ્ફળ થઈ ગયો. સમય સાથે સમાજવાદી વિચારધારાની રાજનીતિ કરનારા જાતિ અને પરિવારની રાજનીતિમાં કેદ થઈ ગયા. તેઓ તેનાથી બહાર નથી નીકળી શકતા.

વર્તમાનમાં દેશમાં રાષ્ટ્રીય સ્તર પર હવે માન્યતા પ્રાપ્ત કોઈપણ સમાજવાદી પક્ષ નથી. ૨૦૧૯ના સંસદીય ચૂંટણીમાં ડાબેરી સીપીઆઇ માત્ર તમિલનાડુથી જ બે સીટો જીતી શકી તથા સીપીએમને પણ ત્રણમાંથી બે સીટો તમિલનાડુ અને એક સીટ કેરળથી મળી. ત્યાં જ અયોધ્યા આંદોલન, કલમ ૩૭૦, સમાન નાગરિક સંહિતા જેવા મુદ્દાને સામે રાખીને પહેલાં જનસંઘ અને હવે ભાજપને કોમ્યુનિસ્ટો અને સોશ્યલિસ્ટોએ કમંડલ પાર્ટી કહીને અલગ-થલગ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમાં તેઓ અસફળ રહ્યા. ૧૯૯૦માં અયોધ્યા આંદોલનથી થયેલા રાષ્ટ્રના 'સ્વ' જાગરણનો રથ આગળ વધ્યો તો વિશ્વનાથ પ્રતાપ સિંહ અને મંડલ પંચના અનામતથી લાગ્યું કે દેશનો હિંદુ સમાજ હવે ખંડ-ખંડ થઈ જશે. મંડલવાદી રાજકારણનું નામ આપીને 'મંડલ વિરુદ્ધ કમંડલ'નો મહાવરો પણ પ્રચલિત થઈ ગયો. દેશમાં કોંગ્રેસના વિકલ્પ રૂપે ૨૦૧૪માં ભાજપ સ્પષ્ટ બહુમત લઈને કેન્દ્રમાં સત્તારૂઢ થઈ. રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક મોરચે વૈશ્વિક સ્તર પર દેશની સાખ વધવા લાગી. ૨૦૧૯ની સંસદીય ચૂંટણીમાં પણ ભાજપને સ્પષ્ટ બહુમતી મળી. કોવિડ-૧૯થી મુકાબલા દરમ્યાન રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તર પર દેશના 'સ્વ'નું પ્રકટીકરણ થવા લાગ્યું. ભારત મહાશક્તિ બનીને ઉભરી રહ્યું છે.

# પ્રધાનમંત્રીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાના લાભાર્થીઓ સાથે વાતચીત કરી




**"૧.૨૫ કરોડથી વધુ લોકો ટૂંકા સમયમાં 'મોદી કી ગેરંટી' વાહન સાથે જોડાઈ ગયા છે"**

**"વિકસિત ભારત સંકલ્પ યાત્રા સરકારી લાભોને સંતૃપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, તે સુનિશ્ચિત કરે છે કે તેઓ ભારતભરના નાગરિકો સુધી પહોંચે"**

**"લોકોને વિશ્વાસ છે કે 'મોદી કી ગેરંટી'નો અર્થ છે પરિપૂર્ણતાની ગેરંટી"**

**"જે લોકો અત્યાર સુધી સરકારી યોજનાઓ સાથે જોડાઈ શક્યા નથી, તેમના સુધી પહોંચવા માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રા એક ઉત્તમ માધ્યમ બની ગયું છે"**

**"અમારી સરકાર માઈ-બાપ સરકાર નથી, પરંતુ તે પિતા અને માતા માટે સેવા આપતી સરકાર છે"**

**"દરેક ગરીબ, મહિલા, યુવક અને ખેડૂત મારા માટે વીઆઈપી છે"**

**"નારી શક્તિ હોય, યુવા શક્તિ હોય, ખેડૂત હોય કે ગરીબ હોય, વિકસિત ભારત સંકલ્પ યાત્રાને તેમનું સમર્થન નોંધપાત્ર છે"**

,તા.૧૦

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા (વીબીએસવાય)ના લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. આ યોજનાઓનો લાભ તમામ લક્ષિત લાભાર્થીઓ સુધી સમયબદ્ધ રીતે પહોંચે તે માટે સરકારની મુખ્ય યોજનાઓની સંતૃપ્તિ પ્રાપ્ત કરવા માટે દેશભરમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા હાથ ધરવામાં આવી રહી છે.

આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ દરેક ગામમાં 'મોદી કી ગેરંટી' વાહનકારમાં જોવા મળી રહેલા નોંધપાત્ર ઉત્સાહની નોંધ લીધી હતી. થોડા સમય અગાઉ લાભાર્થીઓ સાથેની વાતચીતને યાદ કરીને પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, આ યાત્રા દરમિયાન ૧.૫ લાખથી વધારે લાભાર્થીઓએ પોતાનાં અનુભવો નોંધ્યા છે. તેમણે કાયમી મકાન, ટપકાંવાળું પાણીનું જોડાણ, શૌચાલય, નિઃશુલ્ક સારવાર, નિઃશુલ્ક રાશન, ગેસનું જોડાણ, વીજળીનું જોડાણ, બેંકનું ખાતું ખોલાવવું, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અને પ્રધાનમંત્રી સ્વામીત્વ પ્રોપર્ટી કાર્ડ હેઠળ લાભનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે નોંધ્યું હતું કે, દેશભરનાં ગામડાંઓમાં કરોડો પરિવારોને સરકારની કોઈ યોજનાનો લાભ મળ્યો છે, જેમાં તેમને કોઈ પણ સરકારી કચેરીની વારંવાર મુલાકાત લેવી પડતી નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સરકારે લાભાર્થીઓની ઓળખ કરી હતી અને ત્યારબાદ તેમને લાભ પહોંચાડવાનાં પગલાં લીધાં હતાં. તેમણે ઉમેર્યું હતું કે, "એટલે જ લોકો કહે છે કે, મોદી કી ગેરંટી એટલે પૂર્ણતાની ગેરંટી."

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, "વિકસિત ભારત સંકલ્પ યાત્રા એ લોકો સુધી પહોંચવાનું શ્રેષ્ઠ માધ્યમ બની ગયું છે, જેઓ અત્યાર સુધી સરકારી યોજનાઓ સાથે જોડાઈ શક્યા નથી." તેમણે માહિતી આપી હતી કે, વીબીએસવાયની યાત્રા એક મહિનાથી પણ ઓછા સમયમાં ૪૦ હજારથી વધુ ગ્રામ પંચાયતો અને ઘણા શહેરોમાં પહોંચી ગઈ છે, જ્યાં ૧.૨૫ કરોડથી વધુ લોકો 'મોદી કી ગેરંટી' વાહન સાથે જોડાઈ ગયા છે. તેમણે 'મોદી કી ગેરંટી' વાહનને આવકારવા બદલ લોકોનો આભાર માન્યો હતો. પ્રધાનમંત્રી મોદીએ કાર્યક્રમની શરૂઆત પહેલા થતી અનેક પ્રવૃત્તિઓની પણ નોંધ લીધી હતી અને સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે, જાગૃતિ લાવવા માટે પ્રભાત ફેરી કાઢવામાં આવી રહી છે, શાળાઓમાં પ્રાર્થનાસભા દરમિયાન બાળકો વિકસિત ભારતની ચર્ચા કરે છે, રંગોળીઓ બનાવવામાં આવે છે અને દરેક ઘરના દરવાજે દીવા પ્રગટાવવામાં આવે છે તેનો ઉલ્લેખ કર્યો હતો. શ્રી મોદીએ એ બાબત પર ખુશી વ્યક્ત કરી હતી કે, પંચાયતોએ વિશેષ સમિતિઓની રચના કરી છે અને વીબીએસવાયને આવકારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી છે. તેમણે શાળાના બાળકો તેમજ વૃદ્ધોની ભાગીદારીની પણ પ્રશંસા કરી હતી અને વીબીએસવાય દેશના દરેક ખૂણે પહોંચી રહ્યું છે તેવો સંતોષ વ્યક્ત કર્યો હતો. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, ઓડિશામાં વિવિધ સ્થળોએ પરંપરાગત આદિવાસી નૃત્ય સાથે યાત્રાનું સ્વાગત થઈ રહ્યું છે. તેમણે પશ્ચિમ ખાસી હિલમાં રામબ્રાઈમાં આયોજિત કાર્યક્રમનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં સ્થાનિક લોકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ અને નૃત્યનું આયોજન કર્યું હતું. તેમણે આંદામાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ અને કારગિલમાં આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમો વિશે પણ વાત કરી હતી, જેમાં વીબીએસવાયને આવકારવા ૪,૦૦૦થી વધારે લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રધાનમંત્રીએ એક મેન્યુઅલ તૈયાર કરવાનું સૂચન કર્યું હતું, જેમાં કાર્યો સૂચિબદ્ધ કરી શકાય અને વીબીએસવાયના આગમન પહેલાં અને પછીની પ્રગતિનો અંદાજ લગાવી શકાય. તેમણે ઉમેર્યું હતું કે, "આનાથી એ વિસ્તારોનાં લોકોને પણ મદદ મળશે, જ્યાં આ ગેરેન્ટેડ વાહન પહોંચવાનું બાકી છે."

પ્રધાનમંત્રીએ સરકારની એ સુનિશ્ચિતતાનાં પ્રયાસો પર ભાર મૂક્યો હતો કે, ગામમાં દરેક વ્યક્તિએ 'મોદી કી ગેરંટી' વાહન આવે ત્યારે ત્યાં સુધી પહોંચવું જોઈએ, જેથી સરકારી યોજનાઓની સંતૃપ્તિનો સંકલ્પ પૂર્ણ થઈ શકે. સરકારનાં પ્રયાસોની અસર દરેક ગામમાં જોવા મળી શકે છે એ વિશે શ્રી મોદીએ જાણકારી આપી હતી કે, ઉજ્જવલા યોજના હેઠળ લગભગ ૧ લાખ નવા લાભાર્થીઓએ નિઃશુલ્ક ગેસ કનેક્શન માટે અરજી કરી છે, ૩૫ લાખથી વધારે આયુષ્માન કાર્ડ પણ સ્થળ પર જ આપી દેવામાં આવ્યાં છે, લાખો લોકોનું હેલ્થ ચેકઅપ કરવામાં આવી રહ્યું છે. અને મોટી સંખ્યામાં લોકો અત્યારે આયુષ્માન આરોગ્ય મંદિરોમાં અને વિવિધ પરીક્ષણો માટે જઈ રહ્યા છે.

શ્રી મોદીએ જણાવ્યું હતું કે, "અમે કેન્દ્ર સરકાર અને દેશની જનતા વચ્ચે પ્રત્યક્ષ સંબંધ, ભાવનાત્મક જોડાણ સ્થાપિત કર્યું છે." "અમારી સરકાર માઈ-બાપ સરકાર નથી, બલકે તે પિતા અને માતા માટે સેવા આપતી સરકાર છે." તેમણે આગળ કહ્યું, "મોદીના વીઆઈપી એ છે જે ગરીબ છે, વંચિત છે અને જેમના માટે સરકારી કચેરીઓના દરવાજા પણ બંધ કરી દેવામાં આવ્યા છે." તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, દેશમાં દરેક ગરીબ વ્યક્તિને તેમના માટે વીઆઈપી ગણવામાં આવે છે. દેશની દરેક માતા, બહેન અને પુત્રી મારા માટે વીઆઈપી છે. દેશનો દરેક ખેડૂત મારા માટે વીઆઈપી છે. દેશનો દરેક યુવાન મારા માટે વીઆઈપી છે." પીએમ મોદીએ કહ્યું.

પ્રધાનમંત્રીએ તાજેતરમાં સંપન્ન થયેલી વિધાનસભાની ચૂંટણીઓ પર પ્રકાશ પાડતા કહ્યું હતું કે, ચૂંટણીનાં પરિણામોએ મોદીની ગેરન્ટીની માન્યતાનો સ્પષ્ટ સંકેત આપ્યો છે. તેમણે મોદીની ગેરંટી સોંપનારા તમામ મતદારોનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. સરકાર સામે ઊભા રહેલા લોકો પ્રત્યે નાગરિકોનો અવિશ્વાસ પર વિચાર કરીને પ્રધાનમંત્રીએ ખોટા દાવા કરવાની તેમની વૃત્તિ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ચૂંટણી સોશિયલ મીડિયા પર નહીં, પરંતુ લોકો સુધી પહોંચીને જીતવી પડે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ચૂંટણી જીતતા અગાઉ લોકોનાં દિલ જીતવા જરૂરી છે." પ્રધાનમંત્રીએ જાહેર જનતાનાં અંતરાત્માને ઓછો આંકવાની તેમની સક્રિયતા પર ભાર મૂક્યો હતો. તેમણે નોંધ્યું હતું કે જો વિરોધ પક્ષોએ રાજકીય હિતને બદલે સેવાની ભાવનાને સર્વોપરી રાખી હોત, તો દેશની વસ્તીનો મોટો વર્ગ ગરીબીમાં ન રહ્યો હોત, અને મોદીની આજની બાંયધરીઓ ૫૦ વર્ષ પહેલાં પૂર્ણ થઈ ગઈ હોત.

મહિલાઓની આગેવાની હેઠળના વિકાસને ધ્યાનમાં રાખીને પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, મોટી સંખ્યામાં નારીશક્તિ વિક્સિત ભારતની સંકલ્પ યાત્રામાં સહભાગી થઈ રહી છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બનાવવામાં આવેલા ૪ કરોડ મકાનોમાંથી ૭૦ ટકા મહિલા લાભાર્થીઓ છે. મુદ્રા લાભાર્થીઓમાંથી ૭ મહિલાઓ છે અને આશરે ૧૦ કરોડ મહિલાઓ સ્વસહાય જૂથોનો ભાગ છે. કૌશલ્ય વિકાસ દ્વારા ૨ કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવવામાં આવી રહી છે અને ૧૫ હજાર સ્વયંસહાય જૂથોને નમો ડ્રોન દીદી અભિયાન હેઠળ ડ્રોન મળી રહ્યા છે.

પ્રધાનમંત્રી મોદીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા માટે મહિલા શક્તિ, યુવા શક્તિ, ખેડૂતો અને ગરીબોના સહયોગની પ્રશંસા કરી હતી. તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો કે, આ યાત્રા દરમિયાન એક લાખથી વધારે રમતવીરોને ઈનામ મળ્યું છે, જે યુવા ખેલાડીઓને વધારે પ્રોત્સાહન આપશે. પ્રધાનમંત્રીએ યુવાનોને 'માય ભારત વોલન્ટિયર' તરીકે પોતાની નોંધણી કરાવવામાં ભારે ઉત્સાહની નોંધ લીધી હતી અને કહ્યું હતું કે, આ વિકસિત ભારતનો સંકલ્પ મજબૂત કરે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "આ તમામ સ્વયંસેવકો હવે ફિટ ઈન્ડિયાનાં મંત્રને આગળ વધારીને આગળ વધશે." તેમણે તેમને પાણી, પોષણ, કસરત કે તંદુરસ્તી અને છેલ્લે પર્યાપ્ત ઊંઘ એમ ચાર બાબતોને પ્રાથમિકતા આપવા અપીલ કરી હતી. "આ ચાર તંદુરસ્ત શરીર માટે ખૂબ જ જરૂરી છે. જો આપણે આ ચાર બાબતો પર ધ્યાન આપીશું, તો આપણી યુવા પેઢી તંદુરસ્ત રહેશે અને જ્યારે આપણા યુવાનો તંદુરસ્ત હશે, ત્યારે દેશ સ્વસ્થ રહેશે."

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન લેવાયેલા શપથ જીવન મંત્રો બનવા જોઈએ. "સરકારી કર્મચારીઓ હોય, જનપ્રતિનિધિઓ હોય કે નાગરિકો હોય, દરેકે સંપૂર્ણ નિષ્ઠા સાથે એક થવું પડશે. ભારત માત્ર સબ કા પ્રયાસ સાથે જ વિકાસ કરશે."

પાર્શ્વ ભાગ

દેશભરના હજારો વિકસિત ભારત સંકલ્પ યાત્રાના લાભાર્થીઓ વર્ચ્યુઅલ રીતે આ કાર્યક્રમમાં જોડાયા હતા. આ કાર્યક્રમ દરમિયાન દેશભરમાંથી ૨,૦૦૦થી વધારે વીબીએસવાય વાન, હજારો કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (કેવીકે) અને કોમન સર્વિસ સેન્ટર્સ (સીએસસી) પણ જોડવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કેન્દ્રીય મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો અને સ્થાનિક સ્તરના પ્રતિનિધિઓ પણ જોડાયા હતા.

# હવે ચિત્તો જોવો હોય તો કચ્છમાં જોવા મળશે

**બન્ની ઘાસના મેદાનોમાં ચિત્તાના સંરક્ષણ સંવર્ધન માટેનો પ્રોજેક્ટ તૈયાર**



ગાંધીનગર,તા.૧૦

કચ્છ માટે વધુ એક નજરાણું તૈયાર છે. પ્રથમવાર બન્નીના ઘાસના મેદાનમાં ચિત્તાના સંરક્ષણ- સંવર્ધન માટેના બ્રિડિંગ સેન્ટરને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. ભૂતકાળમાં બન્ની ગ્રાસ લેન્ડ ચિત્તાનું રહેઠાણ હતું તે હવે પુનઃ વિશ્વ ફલક પર જાણીતુ બનશે. કચ્છમાં બન્નીના મેદાનમાં ચિત્તાના સંરક્ષણ અને સંવર્ધન કેન્દ્ર માટે બ્રિડિંગ સેન્ટર બનશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતને આપી ચિત્તાના સંરક્ષણ અને સંવર્ધન કેન્દ્રની ભેટ આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સીધા માર્ગદર્શનમાં કચ્છ આજે માત્ર ભારત જ નહીં પણ પ્રવાસન ક્ષેત્રે વિશ્વમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા' ના મંત્રને સાકાર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં કચ્છ માટે વધુ એક નજરાણું ઉમેરાયું છે. કચ્છમાં પ્રથમવાર બન્નીના ઘાસના મેદાનમાં ચિત્તાના સંરક્ષણ- સંવર્ધન માટેના બ્રિડિંગ સેન્ટરને કેન્દ્ર સરકાર દ્વારા આજે મંજૂરી આપવામાં આવી છે તેમ વન મંત્રી મુળુભાઇ બેરાએ જણાવ્યું હતું. વન મંત્રી મુળુભાઇએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, દેશમાં ચિત્તાની વસ્તી પુનઃસ્થાપિત કરવા માટે ચિત્તાના સંવર્ધનને ટેકો આપવાના હેતુ સાથે ગુજરાતના કચ્છ જિલ્લાના બન્ની ઘાસના મેદાનોમાં ચિત્તાના સંરક્ષણ સંવર્ધન માટેનો પ્રોજેક્ટ રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરીને નેશનલ કોમ્પેન્સેટરી ફોરેસ્ટેશન ફંડ મેનેજમેન્ટ ઓથોરિટી (નેશનલ કેમ્પા) હેઠળ પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય, નવી દિલ્હીને મંજૂરી માટે મોકલી આપવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટને આજે તા. ૦૮.૧૨.૨૦૨૩ના રોજ રાષ્ટ્રીય ઝછસ્ઁછની કાર્યકારી સમિતિની બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે જે ગુજરાત માટે ગૌરવ સમાન છે. નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (દ્ગઝ્છ) આ પ્રોજેક્ટની પ્રગતિ પર નજર રાખશે. મંત્રીએ કહ્યું હતું કે, ભૂતકાળમાં બન્ની ગ્રાસલેન્ડ ચિત્તાનું રહેઠાણ હતું. સમયાંતરે ચિત્તા લુપ્ત થયા હતા. ગુજરાતે પહેલ કરીને બન્ની ગ્રાસલેન્ડ વિસ્તારમાં ચિત્તાનું બ્રીડીંગ સેન્ટર બનાવવા માટેનો પ્રોજેક્ટ તૈયાર કરીને ભારત સરકારને મોકલવામાં આવ્યો હતો. જેને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપતા હવે કચ્છનું બન્ની ગ્રાસલેન્ડ પુનઃ ચિત્તાના નિવાસસ્થાન તરીકે વિશ્વફલક પર જાણીતું થશે અને કચ્છ સહિત ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને વધુ વેગ મળશે.

# બ્રાઝીલમાં ચેટજીપીટી દ્વારા ૧૫ સેકન્ડમાં વોટર મીટર અંગેનો કાયદો તૈયાર કરાયો

ıવીદિલ્હી,તા.૧૦

ચેટજીપીટીની શરૂઆત સાથે, વિશ્વભરમાં ખુબ જ ચર્ચાઓ થતી જોવા મળે છે. ઘણા લોકોએ તેનો વિરોધ કર્યો. તેમજ લોકો તેમની નોકરી ગુમાવવાનો ડર અનુભવતા હતા. લોકો વિવિધ અનુમાનો કરવા લાગ્યા કે એક દિવસ દુનિયા પર મશીનોનું શાસન હશે અને માણસો મશીનો દ્વારા બનાવેલા કાયદા પ્રમાણે જીવશે.જો કે, એઆઈએ તૈયાર કરેલા નિયમોને અમુક જગ્યાએ લાગૂ કરવાની શરૂઆત થવા લાગી છે. આવુ બ્રાઝિલના શહેર પોર્ટો એલેગ્રેમાં થયું છે. સિટી કાઉન્સિલના સભ્ય રામીરો રોઝારીઓએ ભવિષ્યમાં કાયદાકીય પ્રક્રિયામાં આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સના ઉપયોગને સમર્થન આપ્યું છે.ઓપનએઆઈના ચેટબોટ ચેટજીપીટીઅંગે આ વાત કરતા જણાવવામાં આવ્યું છે કે આ અપ્રોચ પછી, શાસનમાં એઆઈની ભૂમિકા બાબતે ચર્ચા શરુ થઇ છે. શું એઆઈમાટે મનુષ્યો માટે કાયદો બનાવવો શકય છે? એવા અનુમાન લગાવવામાં આવતા કે એક દિવસ મશીન માણસો માટે કાયદો બનાવશે. જે હવે હકીકતમાં પણ બની રહ્યું છે.

# ગોંડલ માર્કેટ યાર્ડમાં ડુંગળીના ભાવમાં રૂ.૩૦૦નો ઘટાડો



## ડુંગળીના ભાવ ઘટી જતાં ખેડૂતોમાં ભારે રોષ

ગોંડલ,તા.૧૦

ખેડૂતો અને વેપારી વચ્ચે સમજૂતી થતા અને ખેડૂતોનો માલ બગડે નહીં તેને લઈને ડુંગળીની હરાજી ફરી શરૂ કરવામાં આવી. ત્યારે આજે ખૂલતા બજારે ગોંડલ માર્કેટ યાર્ડમાં ડુંગળીના ભાવમાં મોટો કડાકો થયો છે. સૌરાષ્ટ્ર નું અગ્રીમ ગણાતું ગોંડલ માર્કેટ યાર્ડ માં ડુંગળીની નિકાસ બંધી થતા એક જ દિવસમાં ભાવમાં મોટું ગાબડું પડ્યું છે. ત્રણ ચાર દિવસ પૂર્વેના ભાવ અને આજના ભાવમાં મોટો તફાવત જોવા મળતા ખેડૂતોને નુકસીની વેઠવાનો વારો આવ્યો છે. ગોંડલ માર્કેટ યાર્ડમાં ડુંગળીના ભાવમાં ૩૦૦નો ઘટાડો જોવા મળ્યો. હરાજીમાં એક મણ ડુંગળીના ૧૦૦થી ૪૦૦ રૂપિયા ભાવ બોલાયા. જેથી ડુંગળીના ભાવ ઘટતા ખેડૂતોમાં ભારે રોષ છવાયો છે. ડુંગળીની નિકાસ બંધ કર્યાના એક જ દિવસમાં ભાવમાં આટલો મોટો ઘટાડો કેવી રીતે આવ્યો. હજી ૩ દિવસ પહેલાં ગોંડલ યાર્ડમાં ૯૦ હજાર કટ્ટાની આવક થઈ હતી. શિયાળુ પાકની મુખ્યત્વે જણસી ડુંગળીની મબલખ આવક ગોંડલ માર્કેટ યાર્ડમાં હાલ જોવા મળી હતી અને હાલ યાર્ડ દ્વારા ડુંગળીની નિકાસ બંધી થતા ડુંગળીના ભાવમાં રૂપિયા ૩૦૦/-જેટલા રૂપિયાનું મોટું ગાબડું જોવા મળતા ખેડૂતોની ચિંતામાં વધારો થવા પામ્યો છે. ગોંડલ માર્કેટ યાર્ડની વાત કરીએ તો, વિવિધ જણસીનું પીઠું ગણાતું ગોંડલ માર્કેટ યાર્ડમાં ડુંગળીની હરાજીમાં આજે ડુંગળીના ૨૦ કિલોના ભાવ રૂપિયા ૧૦૦/-થી લઈને ૪૦૦/- સુધીના બોલાયા હતા. પરંતુ આજથી ત્રણ ચાર દિવસ પૂર્વે માર્કેટ યાર્ડમાં ડુંગળીના ૯૦,૦૦૦/- કટ્ટાની આવક થતા આવક પણ બંધ કરાઈ હતી અને ડુંગળીની નિકાસ બંધી થતા યાર્ડમાં ડુંગળીની આવક ન કરવા વેપારીઓએ યાર્ડ સતાધીશોને અનુરોધ કર્યો હતો.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SSN 0089

વિષય. વિધિના લેખ

શીર્ષક મિથ્યા

પ્રવિણા કડકિઆ

રામ વનમાં ગયા, કૃષ્ણ જનમતાની સાથે માતા પિતાથી અલગ થયા. આપણે કહીશું વિધિના લેખ , કોઈ મિથ્યા ન કરી શકે.

બાળક જન્મે ત્યારે ૬ ઠા દિવસે વિધિના લેખ લખાય છે એવી માન્યતા આપણા સમાજમાં પ્રચલિત છે. કિંતુ જો બાળક ૬ દિવસ પહેલાં પરલોક સિધાવી જાય તો ?

વિધિ લેખ લખે કે ન લખે તમારા કર્મ. તમને જંપવા દેશે નહી. વિધિને દોષ આપશો નહી. તમારા કૃત્યનું પરિણામ તમારે ભોગવવું પડશે.

તમારે મહેનત કરવી નથી.

તમારે ઈમાનદાર બનવું નથી.

તમારી પાસે કોઈ કલા નથી.

નસીબદાર હો કે બાપદાદા ઘણું મૂકી ગયા છે! યાદ રહે , સાચવતાં નહી આવડે તો ચંચલ લક્ષ્મી ક્યારે વિદાય થઈ જશે ખબર પણ નહી પડે. લમણે હાથ દઈ બેસવાથી કોઈ ફાયદો નહી થાય.

એક ભાઈને ઓળખતી હતી, કાદવમાં હાથ નાખે તો પણ સોનું થઈ જાય. જુવાનીમાં ધુમ કમાયા. શું વિધિએ તેના ભાગ્યમાં લખ્યું હતું ?

જવાબ છે, ના.

તેમની આવડત અને કોઠા સુજને કારણે સફળતા મળતી હતી .

તમે કહેશો એમના ગ્રહ સારાં હતાં.

અરે ભાઈ ગ્રહો કેટલા દૂર છે. અંદાઝ છે ખરો?એ ગ્રહો શામાટે કોઈની તરફદારી કરે ? શા કારણે કોઈને પજવે? તમે ગ્રહને નડ્યા છો તો ગ્રહ તમને નડે? આવી પાયા વગરની વાત મારા મગજમાં ઉતરતી નથી.

તમારું વર્તન અને ચાતુર્ય એવા હોવાં જોઈએ કે વિધિ તમારા લેખ લખવા મજબૂર બને. વિધિને દોષ દેવો એ સારી વાત નથી.

જાગયા થઈ સવાર . સત્ય અને ઈમાનદારીનાં પંથ પર આગળ વધો. સમય, સત્ય અને સંપત્તિ તમારા લેખ સુવર્ણ અક્ષરે લખવા મજબૂર બને.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્રર જીજી ર્દ્ર. ૦૦૫૯
વિષય;વિધી ના લેખ.
પ્રકાર; પધ્ય ગીત
શીર્ષક; ★મિટ્યા નમિટે લેખ★!
લેખક:જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

મિટ્યા નમિટે લખ્યા વિધિના લેખ
ભાઈ ના મિટે વિધીના લખ્યા લેખ.
(૨)

નક્કી સવારે રાજ તિલક રામને
આવ્યો આદેશ રાતે વનવાસનો !

ભાઈ ના મિટે વિધીના લખ્યા લેખ
(૨)

જેના જોરે પાંડવો જીત્યા યુધ્ધ
હણાયા પારધી હાથે દ્વારકાધીસ !

ભાઈ ના મિટે વિધીના લખ્યા લેખ
(૨ )

રાજદ્વારે ઝૂલતા હતા હાથી કાલે
રાજા મેળવે સાલિયાણે આજે !

ભાઈ ના મિટે વિધીના લખ્યા લેખ
(૨)

આથમે ન સૂર્ય બ્રીટીસ તાજ તણો
ભાગ્યા ફૂવીટ ઈન્ડીયા હાક સૂણી!

ભાઈ ના મિટે વિધીના લખ્યા લેખ
(૨)

પ્યારે' કર્મનો કોરડો છે અલબેલો
હિશાબે,રાજા યા રંક ન છોડે કેડો!

ભાઈ ના મિટે વિધીના લખ્યા લેખ
(૨)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્રર જીજી ર્દ્ર ૧૪૯
વિષય વિધિના લેખ
પ્રકાર ગદ્ય
શીર્ષક લેખ થતા નથી મેખ
નામ પલ્લવી જોષી. સરિતા
શબ્દો ૩૨૫

વર્ષો પહેલાની એક વાત છે બન્યું એવું કે મારી સખી ના જીવન માં વિધાતાએ જે લેખ લખ્યા હતા તેની વાત આજે હું કરું છું શિખાના લગ્ન શિવમ સાથે થયા હતા, બંને જણ એમના લગ્નજીવનમાં ખૂબ જ ખુશ હતા. પૂરો પરિવાર સાથે જ રહેતો હતો, ખુશીના દિવસો પસાર થતા હતા એવામાં એક દિવસ શિખાએ શિવમને સારા સમાચાર આપ્યા કે પોતે માતા બનવાની છે અને તું પિતા બનવાનો છે શિવમ ના પગના તળિયેથી જાણી જમીન સરકી ગઈ એ તો નાખી ઉઠ્યો , એના માતા-પિતા પણ ખૂબ જ ખુશ હતા.

ધીરે ધીરે સમય પૂરો થયો અને ઘરના આંગણે એક નવો મહિમા આવ્યો પણ શિવમ ના માતા પિતાની આ જાણીને ખુશી કે આનંદના થયો શિખાને ખૂબ જ દુઃખ થયું શિવમને પણ ખૂબ જ ખરાબ લાગ્યું, એને કારણ આપતા એના માતા-પિતાએ જણાવ્યું કે દીકરી આવી છે એટલે અમે નાખું જ છીએ વિધિ આપના ને કેમ આવા લખ્યા? રોજ ખટપટ ને ટકરાર શરૂ થઈ ગઈ ઘરમાં પછી શિવમ અને શિખા અલગ ઘર લઈ ત્યાર રહેવા ગયા, થોડા સમય પછી શિખાને ફરીથી સારા દિવસ રહ્યા.

ફરીથી પણ દીકરી જ આવી શિવમ ના માતા પિતાએ માથાકૂટતા કહ્યું કે આપણા વિધિના લેખ કેવા લખાયા છે એ જ સમજાતું નથી, ફરીથી પાછી બીજી દીકરી આવી શિખા આ દીકરીને જન્મ આપી ભગવાનને પ્યારી થઈ ગઈ. શિવમ એ દીકરીને ખૂબ જતનથી મોટી કરી એક દિવસ શિવમનું પણ હાર્ટ એટેક થી મૃત્યુ થયું, બંને દીકરીઓ એકલી પડી ગઈ વિધિના લેખ તો જુઓ પરિવાર બનાવી બંને જન જતા રહ્યા સાથે રહ્યા પણ નહીં દાદા ને ખુબ લાગણી હતી દીકરીઓ માટે પણ દાદીને ગુસ્સો હતો, એક દિવસ થયું એવું કે અચાનક હાઈ બીપી ના કારણે દાદીને પેરાલીસીસ ની અસર થઈ ગઈ દીકરીઓને જાણ થતા બંને દીકરીઓ દાદી પાસે દોડતી આવી અને એમની દિન રાત સેવા કરવા લાગી, હવે દાદીને ખૂબ પસ્તાવો થયો કે મારી બહુ મોટી ભૂલ થઈ ગઈ હું તમને સમજી ના શકી તમે તો દીકરા કરતાં પણ સવાઈ છો.

જે વિધાતા એ નક્કી કર્યું હોય એ જ થાય છે તમે ગમે એટલા ધમ પછાડા કરો ગમે તેટલા પ્રયત્ન કરો પણ વિધિના લેખને કોઈ જ મિથ્યા કરી શકતું નથી, વિધિ ના લેખ ટાળ્યા ટળાતા નથી, એ તો વિધાતાએ જે પ્રમાણે લખ્યા હોય એમ જ હોય.

# દેવળિયા પાર્કની સિંહણનો કાલ્પનિક ઈન્ટરવ્યું

બખડજંતર( જેની હાલત ખખડધજ છે! વિવેચકની ભાષામાં નાભિશ્વાસ સ્થિતિ-આઈસીયુ !!) ચેનલના એકમાત્ર રીપોર્ટર એટલે કે ગિરધરભાઇ ઠનઠનવાળા અને કેમેરા મેન રાજુ રદી દેવળિયા સફારી પાર્કમાં પિડિતા સિંહણનો કાલ્પનિક ઈન્ટરવ્યુ કરવા બે-બે ડાઈપર પહેરીને નીકળ્યા. સિંહણની ગુફાને બારણું હોય નહી. એટલે શિષ્ટાચાર મુજબ દરવાજો નોક કરી 'મે આઇ કમ ઇન લાયોનેસ મેડમ'' આવું તો પૂછવાનો અવકાશ નહી.

''સિંહણબેન ,સિંહણબેન'' મેં બૂમ મારી.

સિંહણે અંદરથી ત્રાડ પાડી. કદાચ સિંહણ પાછળ બેન લગાડ્યું તે ન ગમ્યું. આમ, પણ ચિર યોવનની કામના કરનાર કામિનીને બેનનું સંબોધન-ઉદબોધન મકાઈની જેમ કયાં પચે છે? એટલે ગુસ્સાનો ગેસ થાય છે!!

'' સોરી , સોરી લાયોનેસ લેડી-મેડમ પ'' મેં ભૂલ સુધારણા કરી .

સિંહણ સસ્મિત વદને પૂંછડું પીઠ પર પસવારી રૂંવાટી સરખી કરતી કરતી બહાર આવી. મેં મારું કાર્ડ આપ્યું. આગમનનું પ્રયોજન કહ્યું . મેડમ તમારો ઇન્ટરર્યું કરવાની ઈચ્છા છે. રાજુ રદીએ લાઈવ મરઘી સિંહણને નજરાણા તરીકે રજૂ કરી.

સિંહણ મને ભેટી પડી. મારા હાજા ગગડી ગયા ને બેન્ડબાજા બગડી ગયા. તેના નહોર મને વાગ્યા, ઘસરકા થયા, લોહીના લસરકા થયા. સિંહણને કોણ કહે કે કંઇ ન મળે તો પતંજલિ દંત પંક્તિથી દાંત સાફ કરે!!

'' મિ. ગિરધર માત્ર મરઘી? બકરું લાવવું જોઇએ?'' સિંહણે પૂરક માંગણી રજૂ કરી !!

'' મેડમ યુ આર એબ્સોલ્યુટલી રાઇટ. પણ યુ સી ચેનલની બજેટ લીમીટમાં મરઘી જ સેટ થતી હતી.આપણે ઇન્ટરવ્યું કરી લઇએ? '' મેં સિંહણને પૂછ્યું.

રાજુએ જુદા જુદા એંગલથી ફોટા પાડ્યા. મેં કેમેરા રોલ ઓન કહી ઇન્ટરવ્યું શરૂ કર્યો.

'' મેડમ તમારી સાથે શું થયેલું ? જરા વિગતે જણાવશો?''

'' હું દેવળિયા પાર્કમાં એઝ યુઝવલ શિરામણ માટે આંટા મારતી હતી. હાય લા. થોડી વારમાં તો સીઆઇએ,એફબી, સીબીઆઈની ફલાંઇગ સ્કવોર્ડ જેવી સાત જિપ્સી ફટાફટ મારી આજુબાજુ કૂંડાળું વળી ગઇ. હું તો અબળા. આ ઘટનાથી ગભરાઇ ગઇ. મારા હાર્ટબીટ વધી ગયા. માનો કે લુહારની ધમણ ન હોય( તમે સમજો એ ધમણ નહી હો કે!! એ તો કોરાનામાં સાવ ફલોપ ગયેલી !!)'' સિંહણ શ્વાસ લેવા અટકી.

'' તમારી ઘેરાબંધીનું કારણ શું?'' મેં પૂછ્યું.

'' મુંઆ પિટયાઓની મને એકલીને જોઇને દાનત બગડી હશે. અંધારામાં પુરૂં મારો વનરાજ વીઆઇપી દર્શન માટે હાજરી લગાવવા ગયેલો . વનરાજ હાજરી ભરાવે તો પાડો બાડો ચાખવા-ખાવા મળે. હરણા, સસલાં ખાઇને જીભનો ટેસ્ટ બદલાઇ જાય છે. જંગલમાં સેન્ટર ફ્રેંશની ટીકડીઓ પણ કયાં મળે છે?પાછા બધાના હાથમાં મોબાઇલ ગન!! ધડાધડ ફોટા- વીડયા પાડવા માંડ્યા . હું તો ફફડી ગઇ. મારા સિંહ સમાજમાં મારી આબરુંની વાટ વાગી જાય કે નહી ?'' સિંહણે હળવો નિસાસો નાંખ્યો.

તમને પણ માણસોની આટલી બીક લાગે?તમે ઘડીના છઠા ભાગમાં માણસને હતો ન હતો કરી નાંખો!'' મેં કહ્યું '' માણસ ખૂટલ છે. સામી છાતીએ કયાં લડે છે?શોખને નામે નવાબ, રાજા , જમીનદાર ઝાડના માંચડે ચડીને બંદૂકની મદદથી અમારો શિકાર કરતા હતા! અમારા મડદા પર પગ કે બંદૂક ટેકવી બહાદુરીના ફોટો કે ચિત્રો તૈયાર કરી દિવાનખાનાની શોભા વધારે છે. તમે વિકાસના નામે ગીર અભ્યારણ્યમાં પાકી સડકો બનાવી સિમેન્ટ ફેકટરીઓના લાભાર્થે રેલવે લાઇન બિછાવી. કેટલાય સિંહો- સિંહણો- બચ્ચાઓ રેલમાં કપાઇ જાય છે!! થોડો વધુ ખર્ચ કરી એલિવેટેડ રેલવે લાઇન નાંખી હોત તો અમારા બધાના જીવ બચી ગયા હોત!! જંગલમાં રેલવે લાઇન નાંખવાની જરૂર જ નથી.''સિંહણે નિરાશા વ્યકત કરી.

'' તમે જંગલ છોડીને ખેતર, ગામ, વાડી અને શહેર લગી આવી જાવ છો? વનરાજને આ બધું શોભે ખરૂં?'' મેં ટીકલીશ સવાલ પૂછ્યો. '' તુમ્હીને દર્દ દિયા હૈ ઔર પૂછ રહે હો? તમારા ઘરની અંદર કોઇ રેલવે લાઇન નાંખે, રોડ બનાવે, રીસોર્ટ, હોટેલ, ફાર્મ બનાવી દે તો તમારું ઘર સાંકડું થઇ જાય તો તમે ઘરમાં કેવી રીતે રહી શકો? માણસે આરબ અને ઉંટની વાર્તાની જેમ અમારું જંગલ પચાવી પાડે તો અમે નાછૂટકે નાઇલાજે નાવિકલ્પે તમારા વિસ્તારમાં અતિક્રમણ કર્યા સિવાય કોઇ વિકલ્પ રહેતો નથી. તમે અમને ક્યાંયના રહેવા દીધા નહી!! અવળચંડાઓ મરઘી રાખીને અમને લલચાવે છે. બાઇકની લાઇટથી અમને દોડાવે છે!!અમારું પ્રાકૃતિક સંતુલન ખોરવી નાંખ્યું છે અમે જાયે તો કહાં જાયે??'' સિંહણે નીડરતાથી કહ્યું. '' તમને મોટી અદાલતના નિર્ણયથી સંતોષ છે?'' મેં છેલ્લો સવાલ પૂછ્યો. '' અરે , જજ સાહેબનો આભાર માનીએ એટલો ઓછો છે. લોકશાહીની છેલ્લી આશાની ચિનગારી ન્યાયતંત્ર છે. જે નિષ્પક્ષતાથી ફરજ બજાવે છે.બાકીના બધા માટે નો કોમેન્ટસ'' આમ કહી સિંહણે ગર્જના કરી ઇન્ટરવ્યું પૂરૂષ ક્યાની ઘોષણા કરી.

સિંહણે કરેલી ગર્જનાથી રાજુ રદીના કપડાં બગડી ગયા અને રાજુ રદી નાહવા તેના ઘરે ધસી ગયો!!!

ભરત વૈષ્ણવ




ગુજરાત કચ્છી સાહિત્ય અકાદમી આયોજીત દેશના સૌથી મોટા ભૂકંપ સ્મારક સ્મૃતિવન ભુજ (કચ્છ) ખાતે બે દિવસીય તારીખ ૯થી ૧૦ ડિસેમ્બરના કચ્છ સાહિત્ય ઉત્સવ ૨૦૨૩ શરૂ થયો છે "આસંજી અસ્મિતા જો ઓચ્છવ" અંતર્ગત ધિણોધર સંભરન કચ્છી લોકગીત પર કચ્છી લોક નૃત્ય કચ્છના જાણીતા નુપુર ડાન્સ એડકમીના સુ .શ્રી વૈશાલી સોલંકીની ટીમ દ્વારા રજૂ કરવામાં આવેલ આ નૃત્યમાં સૌથી નાની ઉમરની માધાપરની જાણીતી બાળ નૃત્ય કલાકાર (ભરત નાટયમ) વૈભવી મૈચા તેમજ નુપુરની ટીમ દશ્યમાન થાય છે.
તસવીર:
મહેશ એલ.સોની નખત્રાણા

# જલારામ સેવા સમાજ ગાંધીનગનો ૨૮મો પાટોત્સવ ઉજવાયો

શ્રી જલારામ સેવા સમાજ સે-૨૯ ગાંધીનગર દ્વારા અનોખી રીતે ભવ્યતા અને દિવ્યતા પૂર્વક ૨૮મો પાટોત્સવ ઉજવવામાં આવેલ. આ અવસરે આઝાદીના અમૃતોત્સવ અંતર્ગત રઘુવંશી સમાજના ૭૫ વર્ષથી વધુ વયના ૪૫ વડીલોનું સન્માન કરવામાં આવેલ, સાથે સાથે આગામી માર્ચ ૨૦૨૪માં લેવાના ધોરણ ૧૦/ ૧૨ની બોર્ડની પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર સમાજના વિદ્યાર્થિઓને શુભેચ્છા પ્રદાન કાર્યક્રમ પણ આવરી લીધેલ. આ કાર્યક્રમમાં અંદાજિત ૭૦૦થી વધુ સમાજના સભ્યોએ ભોજનરૂપી પ્રસાદનો લાભ લીધેલ.

પ્રમુખશ્રી અરવિંદભાઈ આર ઠકકરના જણાવ્યા મુજબ આ કાર્યક્રમ સમગ્ર સમાજના સભ્યોની ઉપસ્થિતિથી તેમજ તન-મન-ધનના સાથ સહકારથી થયેલ. સમગ્ર કારોબારી, કર્મચારીગણ તેમજ વિશેષમાં લોહાણા મહાપરિષદના હોદ્દેદારો ઉપસ્થિત રહી કાર્યક્રમને પ્રોત્સાહન પુરુ પાડેલ આદર્શ લગ્નના આગામી આયોજન માટે શુભેચ્છા પાઠવેલ.સૌનો આભાર માની કાર્કમ સંપન્ન થયેલ જાહેર કરેલ.

# કર્મયોગી બાવન ગામ માછી સમાજ ટ્રસ્ટ દ્વારા યોજાયો ભવ્ય સન્માન સમારોહ

કર્મયોગી બાવન ગામ માછી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહી કાંઠા બાવન (૫૨) ગામ માછી સમાજનો શૈક્ષણિક વિકાસ થાય તથા બાળકો અને યુવાનોને શિક્ષણ માટેની પ્રેરણા અને પ્રોત્સાહન મળે તે હેતુથી વર્ષ- ૨૦૨૩ માં સમાજમાંથી નોકરીમાં નવી નિમણૂક પામેલા કર્મચારીઓ, નિવૃત્ત થયેલ કર્મચારીઓ અને કોલેજ કક્ષાએ વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનાર તથા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ કાર્યક્રમ ચોપેલી પ્રાથમિક શાળા માં યોજાયો.જેમાં પંચમહાલ સાંસદ રતનસિહ રાઠોડ . તાલુકાશાસક પક્ષના પૂર્વ નેતા અજયભાઈ દરજી . કિસાન મોરચાના મહામંત્રી કાળુભાઇ માછી .બાલાસિનોર કૉલેજ ના પ્રિન્સિપાલ ડૉ.દિનેશભાઈ માછી. નિવૃત્ત શિક્ષણ સચિવ રમેશભાઈ માછી. વડોદરામાછીસમાજ પ્રમુખ રમેશભાઈમાછી. સરપંચો .આગેવાનો બાવન ગામ કર્મચારીઓ. તેજસ્વી વિધ્યાર્થી. તથા ભાઈબહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા.કર્મયોગી માછી સમાજ ટ્રસ્ટ ની ટીમ દ્વારા સુંદર આયોજન કરી કાર્યક્રમ ની પૂર્ણાહૂતિ કરવામાં આવી.




## મિલન રબથી કરાવી દે

અનાયાસે બધાં શ્રોતા ગઝલને દાદ આપી દે
ગઝલ એવી લખું - સૌને સનમની યાદ આપી દે

ગઝલને સાંભળી તાળી વગાડે, 'વાહ' બોલી દે
મહારાજા ય રજવાડું તરત એકાદ આપી દે

બધી મિલકત ભલે હકદાર વહેંચી લે ખુશીથી પણ
ગુણજ્ઞોને ગઝલ મારી મરણના બાદ આપી દે

સભામાં સાંભળી ગઝલો ખુશીથી ઝૂમતા શ્રોતા
નિરાશાઓ ફગાવી દે ,બધી ફરિયાદ આપી દે

ગઝલમાં હો અસર એવી કે સાંભળનારને સુધ્ધાં
મિલન રબથી કરાવી દે અને સંવાદ આપી દે

અલ્લારખા મલેક 'અર્ક કલોલવી'(અમદાવાદ)

## "જિંદગી"

શ્વાસ સાથે અજીબ સથવારો તારે એ માણસ,
છે ત્યાં સુધી ચાલશે જીવાદોરી તારી એ માણસ.

મોહમાયાનો ભાડૂતી બની આવ્યો એ માણસ,
દેહ પણ પારકો તો અભિમાન શાનું એ માણસ.

કર્મના સિદ્ધાંતથી ચાલે છે જિંદગી એ માણસ,
વગર પૈસાએ જ થઈ જઈશ રાખ એ માણસ.

ઈશ્વરના ચોપડે પાપ-પુણ્યનો હિસાબ એ માણસ,
ક્યાં દરવાજા ખોલવા તું જ નક્કી કર એ માણસ.

સર્વ જીવ સમાન હકદાર ધરતી પર એ માણસ,
ભડકે બળતી ઈર્ષાવૃત્તિ હૈયેથી ત્યાગ એ માણસ.

શ્વાસોથી શરૂ ને ખતમ પ્રાણ તારો એ માણસ,
મુસાફરી જિંદગીનો અંત માટીમાં જ એ માણસ.

-નિતેશ પ્રજાપતિ 'નિહર્ષ'( રાજકોટ )

## સંબંધો ઉજળે છે

દુ:ખને મારવા ઈચ્છાને દબોચી છે
જોઈ સુખ તો પગ માં આળોટે છે

આત્મા અમર છે શરીર નાશવંત નો તેવર
છતાં શરીર ની કેર ને આત્મા થકી ઓકે ઝેર

ઘણું વિચાર્યું, ઘણું જોયું, ઘણું સમજ્યું
પછી સમજાયું કે ખુશામતે જ ઉપર ચઢાયું

કોઈ એક છે જે તમારું ભવિષ્ય બનાવી શકે
સ્વયંમ જ સ્વયંમ નો તારણહાર બની શકે

ધારી લેવાની ટેવ જ સંબંધો ને ઉજાડે છે
બાકી પૂછી લેવામાં જ સંબંધો ઉજળે છે

મૌલેશ બહાદુરશાહ પંડિત (અમદાવાદ)

## સિંહણ

આવે છે તારી સિંહણ .....(૨)
ધરતીનો ધબકાર છે સિંહણ....

આવેછે તારી સિંહણ .....(૨)
ભૃણ માંથી હોકરા ભરતી.....

આવેછે તારી સિંહણ .....(૨)
માં તું મુંઝાઈશ,ગભરાઈશ નહી....

આવે છે તારી સિંહણ .....(૨)
માં હું તારી વેદના જાણું...

આવે છે તારી સિંહણ .....(૨)
માં સિંહણ વગર સિંહ નવ ઉપજે...

આવે છે તારી સિંહણ .....(૨) ...

રોનક આચાર્ય "ઉજાસ"(કલોલ)




ગુજરાત ક્ષત્રિય સભા ની પ્રદેશ કારોબારી ની મિટિંગ સંસ્થા ના પ્રમુખ શ્રી કરણસિંહજી ચાવડા ના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે મળી હતી . જેમાં મુખ્ય મહેમાન પદે શ્રી મહેન્દ્રસિંહજી રાણા(પૂર્વ.મેયર શ્રી.મહાનગર પાલિકા.ગાંધીનગર.)અતિથિ વિશેષ પદે શ્રી વિરેન્દ્રસિંહજી પરમાર(પ્રભારી શ્રી ઉતર ગુજરાત ક્ષત્રિય સભા)તથા અગ્રણીઓ તથા ગુજરાત ના દરેક જિલ્લા ના પતિનિધિ ઓ ઉપસ્થિત રહ્યા હતા આ મિટિંગ માં
કરણી સેના નાં અધ્યક્ષ સ્વં .શ્રી સુખદેવસિંહજી ગોગમેડી ને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માં. આવી હતી તેમજ ભડાણા તા.માંડલ.જી.અમદાવાદ ખાતે સ્વ.શ્રી વિજયસિંહજી ચૌહાણ ના. હત્યા કેસ ની તપાસ માટે ઉગ્ર રજૂઆત કરી કાર્યવાહી કરી ન્યાય અપાવા ચર્ચા કરાઈ હતી

# અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘનું રાજ્યકક્ષાનું ૨૭મુ અધિવેશન અંબાજી ખાતે યોજાયું



## કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા કાર્યક્રમમાં હાજર રહ્યા, કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા અને ખેડૂતોની ચિંતા કરી સરકાર વિકાસલક્ષી કાર્ય કરે છે તેવું જણાવ્યું

શક્તિપીઠ અંબાજીના જીએમડીસી મેદાનમાં અખિલ ભારતીય વિધુત કામદાર સંઘનુ ૨૭ મુ અધિવેશન યોજાયુ હતુ. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કર્મચારીઓ અધિકારીઓ હાજર રહ્યા હતા આ કાર્યક્રમ યાત્રાધામ અંબાજી ખાતે આયોજિત કરવામાં આવ્યું હતુ જેને કેન્દ્રીય કેબિનેટ મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ દીપ પ્રગટાવીને ખુલ્લું મૂક્યુ હતુ, સાથે -સાથે આગામી જાન્યુઆરી માસ મા અયોધ્યા મા રામ મંદિરની પ્રાણ પ્રતિસ્ઠા થવા જઈ રહી છે ત્યારે ઉપસ્થિત મહાનુભાવોને રામ મંદિરની પ્રતિકૃતિ રૂપે સ્ટેચ્યુ બનાવીને અર્પણ કરવામાં આવ્યુ હતુ.૧૯૬૨ થી ચાલતા આ અખિલ કરી ગુજરાત વિદ્યુત કામદાર સંઘનુ સૌથી મોટું સંગઠન જેમાં સતત ૩૦ વર્ષ થી ફરજ બજાવતા જનરલ સેક્રેટરી બળદેવભાઈ પટેલને ફરી આગામી ૩ વર્ષ માટે જનરલ સેક્રેટરી તરીકે નિયુક્ત કરાયા હતા જેને લઇ તેમના સંપૂર્ણ પરિવારને કેન્દ્રીય કેબિનેટ મંત્રી પુરુષોત્તમ રૂપાલા દ્વારા વિશેષ શુભેછાઓ પાઠવી સન્માનવામા આવ્યા હતા જોકે આજના આ રાજ્યકક્ષાના અધિવેશનના ૨૦ જેટલા કર્મચારીઓએ તેમના લગતા પ્રશ્નોની પણ માંગણીઓ આ પ્રસંગે કરવામાં આવી હતી, જેમાં ખાસ કરીને કર્મચારીઓને આજીવન રહેમરાહે પરીવારજનોને નોકરી આપવાનો પ્રશ્ન અને ખાસ કરીને રજાના દિવસો મા કામ કરતા કર્મચારીઓને બેઝિક પગાર એટલે કે ૪/૮ મુજબ નું વળતર મળવું જોઈએ તેવી માંગ કરાઈ હતી, ને સહાયકો ની સળંગ નોકરીનો પ્રશ્ન પણ યથાસ્થાને રહ્યો હતો.

આ પ્રસંગે અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહેલા કેન્દ્રીય કૃષિ મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું કે આ સંગઠનના પદાધિકારીઓનું સરકાર સાથે હકારાત્મક વલણ છે ને સાથે જે પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી છે તે રાજ્ય સરકાર સાથે વાટાઘાટો કરીને નિકાલ લાવવા હૈયાધારણા આપી હતી.જોકે હાલ તબક્કે ઉત્તર ગુજરાતમાં ખેડુતોને રાત્રી દરમ્યાન અપાતો વીજ પુરવઠો દિવસે આપવાની માંગને લઈ પુછાયેલા કેન્દ્રીય કૃષિ મંત્રીએ જણાવ્યુ હતુ કે આ પ્રશ્ન ગુજરાત માત્ર નો નથી સમગ્ર દેશનો છે પણ તેના ઉકેલ માટે ના પ્રયત્નો ચાલુ હોવાનુ જણાવ્યુ હતુ.જોકે આ પ્રસંગે સંગઠનના પ્રમુખ ભરતભાઈ પંડ્યાએ સ્ટેજ પર થી આગામી ૨૦૨૪ ની ચૂંટણી માટે હકારાત્મક વલણ ધરાવવા સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબૂત કરવા હાંકલ કરી હતી.આ પ્રસંગે ભાજપ ના પ્રદેશ ઉપાધ્યક્ષ એમ.એસ.પટેલનો વિદ્યુતવિભાગ ના એમ ડી બિપિન શાહ સાથે મોટી સંખ્યામાં ભાજપાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શિયાળાની ઋતુ શરૂ થતાની સાથે જ ચાણસ્મા શહેરમાં શ્વાનો માટે લાડુ નું વિતરણ શરૂ કરાયું.



સમગ્ર ગુજરાત રાજ્યની અંદર શિયાળાની ઋતુ દરમિયાન વિવિધ વિસ્તારોમાં મોટા ભાગની સંસ્થાઓ તેમજ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા લોકો દ્વારા શ્વાનો માટે ધી ના લાડુ બનાવી શેરી, મહોલ્લામાં રહેતા શ્વાનો ને પિરસવામાં આવતા હોય છે ત્યારે ચાણસ્મા શહેરની અંદર પણ શિયાળાની ઋતુ શરૂ થતાની સાથેજ વિવિધ લોકો દ્વારા ધી માંથી બનાવેલ લાડુ નું વિતરણ કરવામાં આવી રહ્યું છે ભારત દેશ એ હિન્દુ સંસ્કૃતિને વરેલો દેશ છે તેમજ હિન્દુ સંસ્કૃતિમાં વ્રત તપ દાન પુણ્ય નું ખુબ જ મહત્વ રહેલું છે ત્યારે વિવિધ સેવાકીય પ્રવૃત્તિ કરી રહેલી સંસ્થાઓ તેમજ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા લોકો દ્વારા વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિ કરી રહ્યા છે ત્યારે પાટણ જિલ્લાના ચાણસ્મા શહેરની અંદર શિયાળાની ઋતુમાં શ્વાનો માટે લાડુ બનાવી ને દરરોજ શેરીઓ તેમજ અન્ય જગ્યાએ રખડતા શ્વાનો ને લાડુનુ વિતરણ કરી માનવસેવા નું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડવામાં આવી રહ્યું છે

# આહવાના પોલીસ હેડક્વાર્ટર ખાતે પોલીસ જવાનો માટે વિવિધ રમતોનું કરાયું આયોજન



**આહવા**

**ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણીયા તેમજ નાયબ પોલીસ અધિક્ષક શ્રી સુનિલ પાટિલના માર્ગદર્શન હેઠળ જિલ્લાના મુખ્ય મથક આહવા સ્થિત પોલીસ હેડ કવાર્ટર ખાતે, પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓ, અને તેમના પરિવારજનો માટે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યુ હતુ.**

**પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ તેમના પરિવારનો માનસિક તણાવ દૂર થાય, તેમજ પરસ્પર પારિવારિક ભાવના જળવાઈ રહે તેવા હેતુથી જુદી જુદી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હોમગાર્ડ, ગ્રામરક્ષક દળ તથા પોલીસ પરિવારની મહિલા તેમજ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.**

**આ પ્રસંગે સ્વચ્છતા અભિયાન અંતર્ગત "સ્વચ્છ ઘર" હરીફાઈ પણ રાખવામાં આવી હતી. તમામ સ્પર્ધાઓના વિજેતાઓને પોલીસ અધિક્ષકશ્રીના હસ્તે પારિતોષિકો વિતરણ કરવામાં આવ્યા હતા.**

# પ્રજાપતિ (કુંભાર) સમાજનું ભારવાહક પાલતુ પ્રાણી લુપ્ત થવાના આરે છે....




એક સમય હતો કે પ્રજાપતિ ( કુંભાર) સમાજ ની રોજી રોટી અને જીવાદોરી ગણાતું પાલતુ પ્રાણી ગધેડું પ્રજાપતિ સમાજ નાં ઘર આંગણે જોવા મળતું જેનો પ્રજાપતિ સમાજ પોતાની આજીવિકા રળવા માટે ગધેડા નો માલવાહક તરીકે ફરજીયાત ઊપયોગ કરતો હતો જેના પર ગારનો ગુણો માટલા ભરેલું લગડુ એક ગામથી બીજે ગામ લય જતો હતો જેમ જેમ કુંભાર કસબી સમાજના કારીગરો બીજા ધંધા રોજગાર અને નોકરી તરફ વળતો ગયો તેમ તેમ આ પ્રજાપતિ સમાજનું માલવાહક પાલતુ પ્રાણી પણ હવે નહીંવત જોવા મળે છે પહેલાં જ્યારે માલની હેરાફેરી માટે આટલાં સાધનો નહોતાં ત્યારે કુંભાર પ્રજાપતિ સમાજ પાલતુ પ્રાણી ગાય ભેંસ ને જેટલો પ્રેમ આપતા હતા એટલો પ્રેમ આ પાલતુ પ્રાણી ગધેડા ને પ્રેમ આપતા હતા અને ગધેડું એ પ્રજાપતિ કુંભાર સમાજ નો એક મોટી ઓળખ હતી એવાં જ ગધેડા નું ટોળું વર્ષો પછી પુનાસણ ગામે દેખાતા શ્રવણ સુખધામ સંસ્થા નાં અબોલ જીવ સેવા નાં ભેખધારી નારી રત્ન ઈન્દુ પ્રજાપતિ એ પોતાના બાળપણની વિતેલી યાદોને યાદ કરી પોતાના મોસાળ નાં પૂર્વજો ને યાદ કરી આનંદ ની લાગણીઓ હર્ષ સાથે પ્રગટ કરી હતી હવે આજનો સમય એવો આવ્યો છે કે ગધેડી અને ગધેડાં નાં ફાર્મ બનવા લાગ્યા છે ગધેડી નું દુધ મૂલ્યવાન વસ્તુ માનવામાં આવી રહ્યું છે જે આયુર્વેદ ની દષ્ટિ એ પણ ઔષધ માનવામાં આવી રહ્યું છે ત્યારે ઈન્દુ પ્રજાપતિ એ આ પાલતુ પ્રાણી ગધેડું વિસરાઈ ન જાય તે માટે તેનાં સંવર્ધન ની અને જાળવણી ની ચિંતાઓ વ્યક્ત કરી ઊંચી નસલ નાં ગધેડા ની જાત ને સાચવવા માટે નો એક નવો પ્રોજેક્ટ વિચારણા ને આધીન રાખી ઉછેરવા માટે સંકલ્પ લીધો છે ગધેડાં નાં ટોળા ને સમગ્ર કેમ્પસમાં ફરવાનો છૂટો દોર ઈન્દુ પ્રજાપતિ એ આપ્યો હતો જે તસ્વીરમાં નજરે પડે છે એમને જણાવ્યું હતું કે પોતાના ભુતકાળ ને જે યાદ કરી શકે એ સામાન્ય જીવન જીવી શકે અને પ્રજાપતિ કુંભાર સમાજ નું ગૌરવ ગધેડા થકી પ્રાપ્ત કરી શકે...... પ્રજાપતિ સમાજે ગૌરવ સાથે લુપ્ત થતું પ્રાલતુ પ્રાણી ગધેડા ને બચાવવા માટે આગળ આવવાની જરૂર છે....

# શ્રવણ સુખધામ સંસ્થાનો અબોલ જીવો ને ખોરાક પુરો પાડવાનો અનોખો સેવાયજ્ઞ.......

આજના સમયમાં માણસ પોતાની માણસાઈ ચૂકી રહ્યો છે ત્યારે બામણા પુનાસણ ખાતે આવેલ શ્રવણ સુખધામ સંસ્થા નાં ભેખધારી નારી રત્ન ઈન્દુ એસ કે પ્રજાપતિ અબોલ જીવ સેવા ની ધૂણી ધખાવી રહ્યા છે મૂસળધાર વરસતા વરસાદમાં ડૂંગર ની તળેટી માંથી તળાઈ ને આવેલ રેસકયુ કરેલ કાચબાઓ ને ખોરાક પુરો પાડે છે શાકભાજી થી લયને ફ્રુટ નો ખોરાક આ કાચબાઓ ને અપાઈ છે માત્ર કાચબાઓ



નહીં લુપ્ત થતું સોહામણું પક્ષી ચકલીઓ ને બચાવવા માટે ઈન્દુ પ્રજાપતિ એ સમગ્ર ગુજરાતમાં એક મોટી મુહીમ છેડી છે

માટીના પક્ષી ઘર અને પાણી નાં કુંડા નું નિ:શુલ્ક વિતરણ કરી રહ્યા છે આવા અબોલ જીવો ની સેવા કરતા કરતા વિવિધ સંસ્થાઓ અને પ્રજાપતિ સમાજ નાં અગ્રણીઓ એ સન્માન કરી અબોલ જીવ સેવા યજ્ઞ નું ભેખધારી નારી રત્ન નું બિરૂદ આપ્યું છે..... જ્યારે માનવી એક સમય માનવી ને ભોજન નથી આપી શકતો ત્યારે ઈન્દુ પ્રજાપતિ આ અબોલ જીવો ને ભોજન આપતાં ભગવાન નુ ભોજન માને છે.

# પ્રોજેક્ટ મેનેજમેન્ટ અને ઇન્ડસ્ટ્રીઝ ૫.૦ પર અમદાવાદમાં પ્રોજેક્ટ મેનજમેન્ટ કોન્ફરન્સ ૨૦૨૩ યોજાશે

## તારીખ ૧૬મી ડિસેમ્બરે નિરમા યુનિવર્સીટી ખાતે યોજાનારી પીએમઆઈ ગુજરાત ચેપ્ટર ની પ્રોજેકટ મેનજમેન્ટ કોન્ફરન્સ ૨૦૨૩નો ખાસ વિષય - ક્રાફ્ટિંગ ટુમોરોસ વર્લ્ડ સ્ટ્રેટેજીક પ્રોજેક્ટ મેનેજમેન્ટ ફોર ઇન્ડસ્ટ્રીઝ ૫.૦ રહેશે.

પ્રોજેકટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટના ગુજરાત ચેપ્ટર-પીએમઆઈ ગુજરાત ચેપ્ટર દ્વારા વૈશ્વિક સ્તરે નવા ઉભરતા આયામો અને પ્રોજેકટ મેનજમેન્ટને લઈને ખાસ પ્રોજેકટ મેનજમેન્ટ કોન્ફરન્સ ૨૦૨૩ અમદાવાદમાં તારીખ ૧૬ ડિસેમ્બરના રોજ નિરમા યુનિવર્સિટી ખાતે યોજાશે, જેમાં પ્રોજેકટ મેનજમેન્ટ કોન્ફરન્સ ૨૦૨૩નો ખાસ વિષય -ક્રાફ્ટિંગ ટુમોરોસ વર્લ્ડ સ્ટ્રેટેજીક પ્રોજેક્ટ મેનેજમેન્ટ ફોર ઈન્ડસ્ટ્રીઝ ૫.૦ રહેશે. જેમાં નવી ટેકનોલોજીને પ્રોજેકટ મેનેજમેન્ટ સાથે સાંકળવાની દિશામાં પહેલના તમામ પાસાની ચર્ચા થશે.આ કોન્ફરન્સમાં ચીફ ગેસ્ટ તરીકે ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના પ્રિન્સીપલ સેક્રેટરી , આઈએએસ શ્રીમતિ મોના ખંધાર ખાસ ઉપસ્થિત રહેશે.પ્રોજેકટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ એ વિશ્વની નોન ફોર પ્રોફિટ, પ્રોફેશનલ મેમ્બરશીપ એસોસિએશન ધરાવતી સંસ્થા છે જે પ્રોજેકટ પ્રોગ્રામ અને પોર્ટફોલિયો મેનેજમેન્ટ ક્ષેત્રના પ્રોફેશનલ્સનો સમુહ છે અને આખા વિશ્વમાં ૩૦૦₹ ચેપ્ટર દ્વારા કાર્યરત છે. તેનું ગુજરાત ચેપ્ટર જે ૨૦૨૦ મા જ સ્થાપિત થયું છે તે ૨૦૨૨ મા 'ઝરર્ઁીર્િક ંરી રૂીટ્ઠિ' એવોર્ડ જીત્યું છે તે ખરેખર ખૂબ જ ગૌરવની વાત છે.

પીએમઆઇ ગુજરાત ચેપ્ટર નાં પ્રેસિડેન્ટ ડો સંજય બૂચ જણાવે છે કે અમદાવાદમાં યોજાનારી આ પ્રોજેકટ મેનજમેન્ટ કોન્ફરન્સ ૨૦૨૩ એ સતત ઉભરતી જતી ટેકનોલોજીની સાથે ગ્લોબલ ઈન્ડસ્ટ્રીઝમાં પણ હવે જે ટ્રાન્સફોર્મેશન થઈ રહ્યું છે તેની સાથે ઉભા રહેવા પડકારોનો સામનો કરવા, ઈન્ડસ્ટ્રીઝ ૪.૦ની વાત એટલેકે મશીન અને ટેકનોલોજીના સમન્વય થી એક કદમ આગળ ઈન્ડસ્ટ્રીઝ ૫.૦ તરફ કદમ માંડવા તૈયાર થવા પ્રોજેકટ મેનેજમેન્ટ ક્ષેત્રના મેનપાવર માટે એક ડગલું છે. આ કોન્ફરન્સ ની થીમ એ છે કે પ્રોજેક્ટ મેનેજમેન્ટ અંતર્ગત ઈન્ડસ્ટ્રીઝ ૫.૦ માટે ટેકનોલોજી, સ્પીડ, આર્ટીફિશીયલ ઈન્ટેલીજન્ટ, મશીન લર્નીગ અને મનુષ્યની અનુકુળ પરિસ્થિતી આબાબતોને સાંકળી લઇને કઈ દિશામાં કામ કરી શકાય, વૈશ્વિક સ્તરે આ દિશામાં શું થઈ રહ્યું છે અને કયા નવા આયામો વિસ્તરી રહ્યા છે, તે તમામ બાબતોની આ કોન્ફરન્સમાં ચર્ચા થશે.

ઈન્ડસ્ટ્રીઝ ૫.૦ એ માત્ર ઈન્ડસ્ટ્રીઝ ફોર પોઈન્ટ ઝીરોનું એક એક્સ્ટેંશન નહીં પરંતુ એક ઉત્ક્રાંતિ સમાન છે તેમ જણાવતા ચેપ્ટર નાં વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પ્રેરક શાહ એ ખાસ ભાર મૂકતા કહ્યું કે તે દિશામાં ટેકનોલોજીકલ ઈનોવેશનની સાથે તાલ મેળવવો ખૂબ જ જરૂરી છે અને આ કોન્ફરન્સ માં પ્રોજેકટ મેનેજમેન્ટના મહત્વના એરીયા પર વાત થશે. કોન્ફરન્સ વિષે માહિતી આપતા કોન્ફરન્સ ડાયરેક્ટર શ્રી રાજીત શાહ કહ્યું કે તેમાં હ્યુમન સેન્ટ્રિક સ્માર્ટ ફેક્ટરીઝ, ઈન્ટર પ્લે ઓફ ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ઓપરેશન, ડિ-કાર્બનાઈઝેશન પર ખાસ સેશન, ગ્લોબલ કોલોબ્રેશન ઈન ફાઈનાન્સિંગ ઈન્ડસ્ટીઝ ૫.૦ અને ઈનોવેશન સાથે પ્રોજેક્ટ ડેવલપમેન્ટ બેલેન્સિંગ અને સસ્ટેનીબીલીટી અને પ્રોજેકટ ડેવલપમેન્ટની તાદાત્મયતા, વગેરે મહત્વના વિષયો પર નિષ્ણાતો દ્વારા લેક્ચરસ તથા ચર્ચા કરવામાં આવશે.

એમએસએમઈએ દેશના વિકાસ અને રોજગારીમાં મોટોભાગ ભજવે છે, તેવા સંજોગોમાં એમએસએમઈમાં પ્રોજેકટ મેનેજમેન્ટ કલ્ચરને વિકસાવવા અને વિસ્તારવા, સાથે મલ્ટી નેશનલ કંપનીઓ સાથે તાલ મિલાવવાનો , ઈન્ડસ્ટીઝ ૫.૦થી માહિતગાર થાય, જેવા વિષયો પર નિષ્ણાંતો તેમના અનુભવ અને અભ્યાસ સભર માહિતી આપશે, આ પ્રોજેક્ટ મેનેજમેન્ટ કોન્ફરન્સનો હેતુ છે. વાઈબ્રન્ટ ગુજરાતના પાયામાં મોટે પાયે એસએમઈ છે. તેવા સંજોગોમાં આ પ્રકારની કોન્ફરન્સ તેઓ ને ખૂબ લાભદાયી થશે,

આ પ્રોજેકટ મેનેજમેન્ટ કોન્ફરન્સ ૨૦૨૩ના સમગ્ર આયોજન ની જવાબદારી કોન્ફરન્સ ડાયરેક્ટર શ્રી રાજીત શાહ, વાઈસ પ્રેસિડેન્ટ-કોર્પોરેટ રીલેશન્સ,અને શ્રી મેહુલ પટેલ, કોન્ફરન્સ કો-ડાયરેકટર, ચેપ્ટર નાં બોર્ડ ઓફ ડાયરેકટર્સ તથા વોલંટિયર્સ ની સાથે મળી ઉપાડેલ છે.

# આહવા ૧૦૮ ની સરાહાનીય કામગીરી સગભાને એમ્બ્યુલન્સમાં પ્રસુતિ કરાવી

આહવા સિવિલ થી વલસાડ સિવિલ રીફર કરતા ડિલિવરીનો પેશન્ટ માણેકપુર ગામ પાસે એમ્બ્યુલન્સમાં જ ડિલિવરી કરાવી હતી પ્રસુતા માતાને જીવનો જોખમ બાળકને ફુટલિંગ હોવાથી વધુ સારવાર અર્થે અંજનાબેન ફુલજીભાઈ પારીયા ગામ હાડોલ એમ ને વલસાડ સિવિલ રિફર કરાયું હતું તે દરમિયાન માતાને પ્રસુતિની પીડા વધતા ૧૦૮ આહવા૧ લોકેશન ના સ્ટાફ ઈએમટી જયેશ રાઠવા અને પાયલોટ સમીર સૈયદ માણેકપુર ગામ નજીક આશરેસવારે ૦૯:૧૫ કલાકે સફળતાપૂર્વક ડીલેવરી કરાવી હતી અને ૧૦૮ ના સ્ટાફે અમદાવાદ હેડ ઓફિસ ના ડોક્ટર જે ડી પટેલ સાહેબ ના માર્ગદર્શન હેઠળ દર્દીને જરૂરી ઈન્જેક્શન અને અન્ય સારવાર આપી માતા તથા



બાળકનેવધુ સારવાર માટે સીએચસી ચીખલી દાખલ કર્યા હતા દર્દીના પરિવાર એ ૧૦૮ ના સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો અને ૧૦૮ ના ઈએમઈ વિજય ગામીત સાહેબ અને પીએમ કમલેશ પઢીયાર સાહેબ ૧૦૮ ની ટીમને પ્રોત્સાહિત કર્યો હતો

**Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.**